R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

Since 1924... સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 06 • ISSUE : 02 • PAGES : 36 • MUMBAI • DATE : 20TH NOVEMBER 2025

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

**HD FIRE PROTECT**

*Protecting what matters most to you*

| PASSION | EXCELLENCE | GROWTH |




At HD Fire, we don't just make fire-fighting products; we provide peace of mind.
With installations in 25,000+ locations across 90 countries, we bring safety when it matters the most.

**HD FIRE PROTECT PVT. LTD.**

Corporate Headquarters: D-6/2, Road No. 34, Wagle Estate, Thane 400604, India

Tel: +(91) 22 21582600 | Fax: +(91) 22 21582602 | Email: info@hdfire.com

UL LISTED · FM APPROVED · VdS · CE · ASME U

www.hdfire.com | @HdFireProtectPvtLtd | @hd-fire-protect | @TheHdfire

With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

## તંત્રી સ્થાનેથી



તા. ૨૦.૧૧.૨૦૨૫ના અંકના અતિથી સંપાદક તરીકે શ્રીમતી માલતીબેન હરીશ ધરમશી-જખૌ (નવી મુંબઈ) ના લેખનો ભાગ-૨ પ્રકાશિત છે.

- CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150

# લગ્ન કરતા છૂટાછેડા મોંઘા - ૨

***(આ લેખનો ભાગ-૧ તા. ૨૦.૯.૨૦૨૫ના અંકમાં પ્રકાશિત થયેલ છે.)***

*ગત લેખમાં આપણે જોયું કે અમુક યુવતીઓ લગ્નના આઠ દિવસમાં, અથવા મહિના બાદ, કે ત્રણ કે છ મહિના બાદ પિયરે ચાલી જાય છે અને કોર્ટમાં* divorce *કેસ નાખી દે છે. પણ શું દરેક વખતે છોકરીની જ ભૂલ હોય છે???*

*જેમ એક સિક્કાની બે બાજુ હોય છે, તેમ જ ઘણી વખત છોકરીઓને મજબૂરીથી પિયરે પાછું ફરવું પડે છે. અને આમ પણ છોકરી જ પાછી આવે કેમકે એ જ તો પોતાનું સર્વ છોડીને સંસાર માંડવા સાસરીયે ગઈ હોય છે. પોતાનું ઘર, ગામ, માતા-પિતા, ભાઈ- બહેન અને ફ્રેન્ડ સર્કલ બધું જ છોડીને એક નવા ઘરમાં, નવા વાતાવરણમાં, પારકાને પોતીકા કરવા માટે સાસરે જતી હોય છે.*

*અમુક કિસ્સાઓમાં જે છોકરો અને એના મા-બાપ લગ્ન પહેલાં છોકરીવાળાની ઘણી બધી વાતો કબુલ કરતા હોય છે, તે લગ્ન થતાં જ એકદમ બદલી જાય છે. સૌથી અગત્યની વાત; અમે છોકરીને નોકરી કરવા દેશું. અમને કાંઈ વાંધો નથી એવું કહેવાવાળા લગ્ન બાદ તરત જ બદલાઈ જાય છે અને ભણેલી ગણેલી દીકરીઓને ઘરે બેસાડી દેવામાં આવે છે. એમ કહીને કે તારે નોકરી કરવાની જરૂર નથી. અમારો દીકરો બહુ સારું કમાય છે. તું ઘર સંભાળ. ઘરે પણ ઘણા કામ હોય છે.*

*આજના જમાનામાં મા-બાપે પોતાની હોશિયાર દીકરીને ઉચ્ચ શિક્ષણ આપીને એવી રીતે તૈયાર કરે છે કે એ પણ પોતાના પગ પર ઉભી રહી શકે. તેમજ બંને પતિ પત્ની કમાતા હોય તો જલ્દી પ્રગતિ કરી શકે. અને આજના આધુનિક યુગમાં જ્યાં ઇલેક્ટ્રોનિક સાધનો દ્વારા કલાકોનું કામ મિનિટોમાં થઈ જતું હોય છે. આજની યુવતી ઘર, વર અને જોબ બધુ સંભાળી શકે છે અને પોતાના નોલેજનો ઉપયોગ પોતાની કાબેલિયત પ્રમાણે કરી શકે છે તો એમાં વાંધો પણ શું છે?*

*અને બીજું ક્યારેક છોકરો અને એના મા બાપ લગ્ન થાય ત્યાં સુધી છોકરી સાથે બહુ સારો વ્યવહાર કરે અને એકવાર લગ્ન થયા બાદ પોતાના અસલી રંગ રૂપ દેખાડવાનું શરૂ કરે. એ માટે તમને બે ત્રણ દાખલા આપું.*

*એક નજીકની દીકરીના લગ્ન ફોરેન રહેતાં છોકરા સાથે થયા. અમે તો બહુ ખુશ હતા કે સરસ ઘર, વર મળી ગયું. દીકરી રાણીની જેમ રહેશે. પરંતુ આ શું? છોકરાનું કેવું સંકુચિત માનસ? વરસોથી બહાર હોટેલમાં જમવાવાળો, પત્નીને કહે કે તું તો મારા મમ્મી જેવું ખાવાનું નથી બનાવતી. દરેક ઘરનો સ્વાદ અલગ હોય.*

*થોડું ઘણું એડજેસ્ટ કરવું જ પડે અથવા થોડો સમય આપવો પડે એને. કિચનમાં જે વસ્તુ જ્યાં હોય ત્યાં જ રાખવાનો આગ્રહ,* non veg *ખાય અને બનાવવા માટેની જીદ, ટૂંકા કપડા પહેરે એવો દુરાગ્રહ, ઈંગ્લિશ બોલવાનું તો ફોરેન* accent *માં જ બોલવાનું, આવી બધી બાબતો આજકાલની કઈ દીકરીઓ માનવાની છે? એની હદ તો ત્યારે થઈ કે પર્સનલ ચીજ જે તું તારા માટે ખરીદે એના પૈસા તારે જ આપવાના,* LIC*નું પ્રીમિયમ તારા પેરેન્ટસે ભરવાનું. આવું બધું જોઈને, જાણીને ચોંકી જ ગઈ. પોતાનાં માવતરને ત્યાં આવું ક્યારેય ન જોયેલું હોય એની હાલત શું થાય? ૮-૧૦ મહિના પછી જ્યારે ઈન્ડિયા આવી. ચિંતામાં એનું તો ૧૫ - ૨૦ કિલો વજન ઘટી ગયું હતું. એ ખૂબ ડરી ગઈ હતી. ડિપ્રેશનમાં ચાલી ગયેલી. એકાદ વર્ષ*

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના

ઍડ. શૈલેશ સનત્ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતસી શાહ

શિલ્પાબેન અજાણી

જયંત વિશનજી છેડા

ઍડ. કેતન મધુકાંત લોડાયા

## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**વૉલ્યુમ : ૦૬, અંક : ૦૨, તા. ૨૦-૧૧-૨૦૨૫**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. - **તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

પછી મા-બાપની સંમતિથી છૂટાછેડા લઈ લીધા. જેમાં દીકરીએ કંઈ માંગ્યું નહીં અને કંઈ લીધું પણ નહીં. આવા લગ્ન જીવનથી એવી હેબતાઈ ગઈ કે ફરી ક્યારેય લગ્ન કરવાનો વિચાર જ ન કર્યો.

બીજો એક કિસ્સો; જ્યાં દીકરી પરણી ત્યાં એનો પતિ કોઈ નોકરીમાં ટકે નહીં. સવાર પડતાં જ દારૂ પીવાનું શરૂ, બૈરીને મારવી અને ગાળો બોલવી એ એનો રોજનું ક્રમ હતો આવા પતિ સાથે આજની કોઈપણ છોકરી કેમ રહી શકે? તોય એ ઘણું રહી. બાળક પણ થયું. એમ લાગ્યું કે હવે કદાચ સુધરી જશે. પણ જેમ કૂતરાની પૂંછડી ને ૧૨ વરસ પાઈપમાં રાખીએ ને તોય વાંકી ને વાંકી, તેમ એ કદી સુધર્યો નહીં. છેવટે હારીને છૂટાછેડા લેવા પડ્યા. આજે એ single mother બનીને જીવી રહી છે. Struggle કરી રહી છે.

ત્રીજો કિસ્સો : લગ્ન પહેલાં કરેલા વાયદા મુજબ છોકરાવાળા નોકરીએ તો મોકલે પણ રોજ સાંજે થાકી - પાકી ઘરે આવે એટલે કટ-કટ શરૂ થઈ જાય. ક્યારેક મોડું થાય તો હજાર સવાલ અને પછી મારઝૂડ કરવાનું. દિવસે બેડરૂમમાં આડા પડવા પણ નહીં જવાનું. બેડરૂમમાં રાત્રે જ જવાનું, એવી સાસુ અને નણંદની દાદાગીરી. આ તે કેવું? મહિનાની અંદર જ છોકરીના મમ્મી પપ્પા પોતાની દીકરીને ઘરે લઈ ગયા અને થોડા સમય પછી બીજે લગ્ન પણ કરાવી દીધા. આજે એ દીકરી પોતાના પરિવાર સાથે બહુ ખુશ છે.

આવા તો અનેક કિસ્સા આપણી આજુબાજુ હોય જ છે. પણ આપણને ખબર નથી હોતી અથવા ખબર હોય તો પણ આપણે નજર અંદાજ કરીએ છીએ.

તો મારું કહેવું એમ છે કે હંમેશા છોકરીઓ ખરાબ નથી હોતી. ઘણું - ઘણું સહન કરે છે. અને જ્યારે પાણી માથા પરથી ઉપર જાય છે ત્યારે જ આવું પગલું ભરે છે.

આ માટે બંને પક્ષોને સુધરવાની જરૂર છે.

સુધરી જાઓ ને, Please.



**માલતી હરીશ ધરમસી**
**જખૌ, નવી મુંબઈ**
**મો. ૯૮૬૯૨ ૮૯૩૪૫**

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**તા. ૧૬ થી ૨૭ નવેમ્બર ૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નાસિક : શ્રી સીમંધરસ્વામી નુતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ, નાસિક.

**તા. ૨૯.૧૧.૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી, સાંસ્કૃતિક કાર્યક્રમ.

**તા. ૦૧.૧૨.૨૦૨૫ :** શ્રી ભલારા દાદા સ્થાનક. કુવાપધર :શ્રી ભલારા દાદા દેવસ્થાનનો ૨૮ મો ધ્વજારોહણ મહોત્સવ- કુવાપધર મધ્યે.

**તા. ૦૭.૧૨.૨૦૨૫ :** મોટી ખાવડી જૈન સંઘ આયોજિત પદ પ્રદાન મહોત્સવ. પુ. સાધ્વી શ્રી મહોદયશ્રીજી મ. સા. ને પ્રવર્તિની પદ તથા પુ. સાધ્વી શ્રી વિનયપ્રભાશ્રીજી મ. સા. ને સંઘસ્થવિરા પદ પ્રદાન.

**તા. ૧૩.૧૨.૨૫-૧૪.૧૨.૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી, સિનીયર સીટીઝન પીકનીક

**તા. ૨૭-૧૨-૨૦૨૫ :** કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી, ટ્રેડ ફેર, ટ્રેઝર હન્ટ, મનોરંજન સહ ફુડ સ્ટોલ

**તા. ૨૮.૧૨.૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી, વન ડે પીકનીક.

**તા. ૮ થી ૧૦ જાન્યુ. ૨૦૨૬ :** શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ- મુંબઈ આયોજિત અઠ્ઠાવીસ તપ આરાધનાઃ ભદ્રેશ્વર તીર્થ.

**તા. ૦૯-૦૧-૨૦૨૬ થી ૧૨-૦૧-૨૬ :** પાલિતાણા સાધર્મિક યાત્રા (અનાજ કિટ, વૃદ્ધ પેન્શન, મેડીકલ સહાય લેતા વડીલો માટે)

**તા. ૨૫-૦૧-૨૦૨૬ :** કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી, રંજન સંધ્યા.

**સોનલ આર્ટ** (થાણા) શાંતિભાઈ : 99678 41792
બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે. સાચી જરીની જુની સાડીઓ વેંચી તથા જુની સાડીઓને ઓલ્ટર કરી આપવામાં આવશે
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189



# કચ્છ દર્શન





(ભાગ : ૫૩)

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ગતાંકથી ચાલુ)


મુંબઈ ચાલ

અમારો રાત્રી રોકાણ રીસોર્ટમાં હોવાથી અરજણભાઈએ જખ્ખ બૌતેરાથી દેવીસર થઈ થાન જાગીરનાં રસ્તે બસને વાળી. આજ રસ્તે આગળ જતાં ડાબીતરફ એક રસ્તો ફંટાઈ ગયો અને અમે રીસોર્ટનાં દરવાજે. શ્રી સોઢા સાહેબ અને તેમનાં સુપુત્ર અમારું સ્વાગત કરવા ઉભા હતા.

મનમોહનસિંહે આ રીસોર્ટને સારી રીતે વિકસાવ્યો છે. તેમણે ફોસીલ તો ભેગા કર્યા છે, પણ સાથે સાથે રિસોર્ટમાં રમત-ગમતનાં સાધનો, ચેસ ટેબલ, કેરમ બોર્ડ ઈત્યાદી પણ વસાવ્યા છે. તુલસી ચા ને ન્યાય આપી કેટલાક રમી રમવા બેસી ગયા તો કેટલાક કેરમ બોર્ડ ઉપર. અહીં ટેનીસ કોર્ટ પણ હતું. અમારા માટે જમવાનું રાત્રે ૮ વાગે હતું. તેથી સૌ રિસોર્ટમાં મોજ માણવા લાગ્યા.

ભોજન પછી અરજણભાઈ સમય પસાર કરવા હાર્મોનિયમ લઈ ભજન ગાવા બેઠા. જેમાં વિદેશી મહેમાનો પણ ગીટાર ઉપર સાથ આપવા લાગ્યાં.

અરજણભાઈનું અતિપ્રિય ભજન રાત્રે સૂતા સુધી કાનમાં ગુજતું રહ્યું. એ કાગબાપુનાં ભજનની કેટલીક પંક્તિઓ અહીં ઉતારવાનો લોભ રોકી શકતો નથી.

**તારાં આંગણિયાં પૂછીને જો કોઈ આવે રે,**
**આવકારો મીઠો આપજે રે;**
**તારે કાને રે સંકટ કોઈ સંભળાવે રે,**
**બને તો થોડું કાપજે રે... ટેક**
**માનવીની પાસે કોઈ, માનવી ન આવે રે,**
**તારા દિવસ ભાળીને દુઃખીયા આવે રે... ૧**
**વાતુ એની સાંભળીને, આડું નવ જોજે રે;**
**એને માથું રે હલાવી હોંકારી દેજે રે...૨**

## શાંતિનગરની ચાલ

શાંતિનગરની ચાલ મારા ભવિષ્યનાં લેખ માટે મુંબઈ અને અન્યત્ર આવેલી ચાલો વિશે જાણકારી જોઈએ છે અને તે ઓથેન્ટિક હોય તે જરૂરી છે.

શાંતિનગરની ચાલ મને એટલે યાદ છે કારણ કે નાનપણમાં મારા પિતાશ્રી અને માતાશ્રી સાથે અમારા ફોર્ટ એરિયામાં આવેલ ઘર પાસેથી ''D'' રૂટની બસ પકડી મહિનાનાં એક રવિવારે અચુક જતા.

''D'' રૂટની બસ મેટ્રો સિનેમા પાસેથી મરીન લાઈન્સ, બોમ્બે સેન્ટ્રલ થઈ સાત રસ્તા પસાર કરી, એક ટી.બી. ની હોસ્પિટલની સામેના સ્ટોપ પર ઉભી રહેલી ત્યાંથી શાંતિનગરની ચાલમાં જવાનું. એ ચાલ એટલે યાદ છે કારણ કે અમારા ઘણા સગા-વ્હાલા ક.દ.ઓ. ત્યાં વસતા. એક હતા સ્વ. રમેશ ભવાનજી મોમાયા, બીજા ડૉ. વાસંતીબેન.

આવી જ એક બીજી મુંબઈની પ્રસિદ્ધ ચાલ યાદ આવે છે તેની બી.પી.ટી. ચાલ કહેવાતી અને ડોક્યાર્ડ રોડ-શીવરીની આજુબાજુમાં હતી. તેવી જ રીતે પુનામાં દગડુ શેઠની ચાલ પણ જાણીતી હતી.

મારા ભવિષ્યનાં લેખો માટે આ અને આવી અન્ય ચાલો વિશે સચોટ માહિતીની જરૂરત છે. તો રાહ શું જુઓ છો, ઉઠાવો કલમ અને વિગતવાર માહિતી ઉપરનાં નંબર પર વોટ્સઅપ કરો અને મેળવો એક ઈનામ. કહેવાય છેને કે લખતાં લહિયો થાય... (વધુ આવતા અંકે...)


મુંબઈ ચાલમાં 'દહીંહન્ડી' ઉત્સવ

## વિશ્વકપ જીતીને દીકરીઓએ કમાલ કરી

ભારતની દીકરીઓ, તમે તો કમાલ કરી...!
ડી. વાય, પાટીલ મેદાનમાં મજાની ધમાલ કરી .

સને ૨૦૦૫ અને ૨૦૧૭ની હાર પછી,
સને ૨૦૨૫માં વિશ્વકપ જીતીને કમાલ કરી.

સેમી ફાઈનલમાં સાત વખતની વિશ્વ વિજેતા,
ઓસ્ટ્રેલિયા ટીમને પછાડીને કમાલ કરી.

ખડકી રનોના ઢગલા લીગ મેચોમાં,
'સ્મૃતિ' અને 'પ્રતિકા'એ, અવ્વલ બની કમાલ કરી.

કાંડાની કરામતથી દીપ્તીએ સમગ્ર સ્પર્ધામાં,
ખેરવી કુલ બાવીસ વિકેટો ખૂબ જ કમાલ કરી.

ફાઈનલમાં બેટના માધયમે સેફાલીએ ફટકારી ૮૭ રન ,
અને બોલના માધ્યમે પણ ઝડપી બે વિકેટ કમાલ કરી.

સાઉથ આફ્રિકાને સાવ ધૂળ ચાટતા બનાવી,
કરી વિજય તિલક દીકરીઓ તમે કમાલ કરી.

ઉજાળ્યું આપના પરિવારજનોનું નામ જગતમાં,
ગર્વે ગાજતું કરી ભારતદેશનું નામ કમાલ કરી.

દાખવી દીકરીઓએ દરેક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન,
કમાલ કરી, ખરેખર, સહુએ કમાલ કરી ...!

**- જ્ઞાનેશ જયચંદ લાપસિયા**
**મુલુંડ ચેકનાકા**
**૯૯૨૦૫૧૩૪૯૩**

### વિગતવાર સમાચાર મોકલવા નિવેદન

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, મંડળોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિગતવાર સમાચારો ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલવા નિવેદન. તે ઉપરાંત વિશેષ શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓની વિગતો પણ ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી. આપે મોકલેલા વિગતવાર સમાચારોને યથાયોગ્ય રીતે પ્રકાશિત કરવાનો અમારો પ્રયાસ રહેશે.

**- તંત્રી મંડળ**

## એક કદઓ દીકરીનું અકાળે આકસ્મિક અવસાન



૬ નવેમ્બર,૨૦૨૫ ની મોડી રાત્રે એક-એક KDOનું કાળજું હચમચી ગયું. ટીવી ચેનલો પર સમાચાર ચાલી રહ્યા હતા કે ૧૯ વર્ષની તેજસ્વી કોલેજ વિદ્યાર્થીની હેલી મોમાયાએ સેન્ડહર્સ્ટ રોડ નજીક એક દુર્ભાગ્યપૂર્ણ રેલ્વે અકસ્માતમાં તત્ક્ષણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. હેલી શ્રીમતી શીતલ અને શ્રી પ્રિયેશ પૃથ્વીરાજ મોમાયા (માટુંગા)ની પુત્રી હતી.

સોમૈયા કોલેજમાં, સાયકોલોજીના પ્રથમ વર્ષની વિદ્યાર્થીની હેલી; તેની ફોઈ ખુશ્બુ મોમાયા સાથે ટ્રેનમાં સફર કરી રહી હતી, ત્યારે રેલવે કર્મચારીઓના અચાનક વિરોધને કારણે સેન્ટ્રલ લાઇન પર ટ્રેન સેવાઓ એકાએક બંધ થઈ ગઈ. બધા યાત્રિકોની જેમ બંને ફોઈ-ભત્રીજી પણ પાટા પર ચાલવા માટે બહાર નીકળ્યા. એક ઝડપથી આગળ વધતી અંબરનાથ લોકલ સમાંતર લાઇન પર ધસી આવી. એક ક્ષણમાં, એક તેજસ્વી નવયુવતીનો જીવનદીપ બુઝાઈ ગયો. તેની ફોઇ ગંભીર ઇજાઓ સાથે બચી ગઈ; પરંતુ હેલી કાળનો કોળિયો બની ગઇ.

માત્ર ૧૯ વર્ષની ઉંમરે, હેલી તેના સૌમ્ય સ્વભાવ, કલાત્મક રુચી અને પ્રેમાળ હૃદય માટે જાણીતી હતી. તેની હાજરી હંમેશા તેની આસપાસના લોકોને શાંત અને ઉત્સાહિત કરતી. તેના સપના સરળ છતાં આશાથી ભરેલા હતા - શિક્ષણ અને સેવા.

સ્વ. હેલી આપણી જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય સ્વ.શ્રી નારાણજી શામજી મોમાયાની પ્રપૌત્રી હતી. તેના શોકાતુર આપ્તજનોને સાંત્વના આપવા માટે શબ્દો શોધ્યા જડતા નથી. જેવી શાંતિ તેના મીઠા સ્મિતને જોઇને બધાં ને મળતી તેવી જ શાંતિ તેના આત્માને મળે, એ જ પ્રકાશ સમીક્ષાની પ્રાર્થના છે.

**પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રકાશિત**
**કૉફી ટેબલ બુક 'પ્રકાશ વિશેષ'માંથી ક.દ.ઓ.**
**વ્યક્તિ વિશેષોની  લેખમાળાનો વીસમો મણકો પ્રકાશિત છે.**
**આગામી દરેક અંકમાં ક્રમશઃ એક મણકો પ્રકાશિત થશે. - CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ**

# મીના શાંતિલાલ શાહ

## *યુગલ અનોખું*

દરેક જીવન રોચક વાર્તા જેવું છે. આપણને વાંચતા આવડવું જોઈએ.
આ સરળ યુગલનું જીવન એનો એક પુરાવો છે.
આમ તેઓ જસ્ટ અનધર કપલ પણ જાણો તો છે ખરેખર મળવા જેવા



## વ્યક્તિત્વ

હાઉસવાઇફ અને હોમમેકર. ભલું થજો એ જણનું જેણે એક અંગ્રેજી શબ્દના સ્થાને નવોનકોર શબ્દ આપીને ગૃહિણીની ઓળખને વિરાટ બનાવી આપી. આ વિરાટતા દુનિયાની કરોડો ગૃહિણીઓના જીવનમાં પહેલેથી જ હતી. ફરક એટલો પડ્યો કે ગૃહિણીની હોમમેકર તરીકેની પિછાણ સ્વીકાર્ય થવા સાથે એનું યથાયોગ્ય સન્માન થવા માંડ્યું છે. મીનાબહેન આમ જુઓ તો એક સરળ, સહજ વ્યક્તિત્વવાળાં. આમ જુઓ તો તેઓ છે ખૂબીવાળાં. એમને અને એમના જેવા જ સરળ સ્વભાવ શાંતિલાલભાઈને મળીને આનંદની જે છોળો ઊછળી છે, એ પ્રસ્તુત છે શબ્દરૂપે.

પ્રાચીન મંદિરો, હિલ સ્ટેશન્સ, ધોધ અને ટાઇગર રિઝર્વનું શહેર છે અમરાવતી. એની માટીમાં ઉછરીને મોટા થયાં છે સ્વજન મીનાબહેન. ૧૯૫૩માં એમનો જન્મ. માતાપિતાને પાંચ સંતાન. એમાં દીકરી મીના ચોથું. પિતાનો વેપાર કપાસનો હતો. પરિવાર આર્થિક રીતે ઠીકઠીક હતો. નાનકડી મીનાએ શાળાકીય અભ્યાસ અંગ્રેજી માધ્યમમાં, શહેરની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત હોલી ક્રોસ કોન્વેન્ટ સ્કૂલમાં મેળવ્યો. પછી વિદર્ભ મહાવિદ્યાલય સાથે બી. એસસી. કર્યું. અસલ મરાઠિયતવાળા શહેરમાં ઉછેર તેથી કચ્છી, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ઉપરાંત મરાઠી પણ ફાંકડી જાણે. ગુજરાતી ભાષા આત્મસાત્ કરવા તેમણે ખાસ ટ્યુશન પણ લીધાં હતાં.

બાળપણમાં પિતાના વેપાર સામે આવેલા પડકાર સાથે ઊભી થયેલી પારિવારિક કસોટીઓ વિશે મીનાબહેનને આજે પણ સ્મરણ છે, ‘‘અમે પ્રમાણમાં સુખી હતાં. એકમેકના સ્નેહથી ગાડું સરસ ગબડતું હતું. જોકે કેન્દ્ર સરકારે કપાસના વેપારનું રાષ્ટ્રીયકરણ કર્યું એ દિવસથી પરિસ્થિતિ બદલાઈ ગઈ. પપ્પાએ વેપાર બંધ કરીને નોકરી લેવી પડી. એમનો પગાર ઓછો, તેથી આર્થિક અડચણોનો પાર ના રહ્યો. વળી મમ્મીની તબિયત સતત નરમગરમ રહે એની પણ ચિંતા અને સારવારનો ખર્ચ...’’

છતાં, જિંદગી પ્યાર કા ગીત હૈ, રાઇટ? મીનાબહેનના પરિવારે પણ એ નાતે જીવન સરસ નિભાવ્યું અને પડકારોનો સામનો કર્યો. નાની ઉંમરથી મીનાબહેનને ફિલ્મો, નાટકો જોવાનો અને ગીતો સાંભળવાનો શોખ. નવી ફિલ્મ આવે કે જોવાની. સાથે વાંચનનો શોખ, ‘‘જાતજાતનાં પુસ્તકો હું રસપૂર્વક વાંચું. એમાં પણ રહસ્યમય પુસ્તક કે ગુલશન નંદાની નવલકથા મળે તો પત્યું. હું અચૂકપણે ફટાફટ આખી વાંચી જાઉં.’’

કોલેજનો અભ્યાસ પત્યા પછી મીનાબહેને નોકરી સ્વીકારી. જે સ્કૂલમાં તેઓ ભણ્યાં ત્યાં જ શિક્ષિકા તરીકે ફરજ અદા કરવા માંડી, ‘‘અમારાં પ્રિન્સિપાલ મારાથી બહુ ખુશ હતાં. તેમનું નામ સિસ્ટર મોરા હતું. તેઓ મારાં માર્ગદર્શક હતાં. દરેક કામમાં મને યોગ્ય સલાહસૂચન આપી મારી પ્રતિભા નિખારવા પ્રયત્ન કરતાં. મારા અક્ષરો સુધારવા મને સતત ટકોર કરતાં. આજે તેઓ ઔરંગાબાદ રહે છે. અમે એકબીજાં સાથે સંપર્કમાં છીએ.’’

નોકરીનાં ચારેક વરસ થયાં ત્યાં સમય થયો સંસાર માંડવાનો. મીનાબહેનનાં લગ્ન મુલુંડના આશાસ્પદ યુવાન શાંતિલાલ સાથે નિર્ધાર્યાં. ૧૯૭૮માં લગ્ન થયાં. એક તરફ સુખી સંસાર શરૂ થઈ રહ્યો હતો. બીજી તરફ નવદંપતીની પરીક્ષા થઈ, ‘‘હજી તો રિસેપ્શન ચાલી રહ્યું હતું ત્યાં શાંતિલાલને પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો. તરત હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. મારી સ્થિતિ અત્યંત કફોડી થઈ. બધું નવું હતું, ઘર નવું, લોકો નવા અને માહોલ નવો... એવામાં સાસરિયાઓએ મને ખૂબ હિંમત આપી. એમના સાથથી અમે સંજોગોને મહાત કરી શક્યા.’’

છેવટે સૌ સારાં વાનાં થયાં. શાંતિલાલભાઈ હેમખેમ ઘરે આવ્યા. એમનો સંયુક્ત પરિવાર હતો. ઘરમાં મીનાબહેનનાં જેઠ-જેઠાણી, એમની મીઠડી દીકરી સેજલ, નણંદ તથા સાસુ-સસરા પણ હતાં. સમય સાથે મીનાબહેન અને શાંતિલાલભાઈના ઘરે પણ પારણાં બંધાયાં. એમને બે દીકરા થયા, નીરજ અને દર્શન. એનો ઉલ્લેખ થતાં મીનાબહેન થોડાં ગળગળાં થઈ જાય છે, કારણ મોટા દીકરા નીરજનું ૪૦ વરસની નાની ઉંમરે

કેન્સરથી મૃત્યુ થયું હતું, ''એની પીડા શબ્દોમાં વર્ણવવી અશક્ય છે. કહે છે ભગવાન બીજાં સુખ આપતાં તમારી પાસેથી ક્યારેક એવું કંઈક છીનવી પણ લે છે જે તમને ખૂબ વહાલું હોય.''

ખેર. આજે એમનો પરિવાર માટુંગા રહે છે. નીરજનાં પત્ની અમી પણ સાથે જ રહે છે. એમને વેદા અને હૃદય એમ બે સંતાનો છે. નીરજભાઈનાં પત્ની ડેન્ટિસ્ટ છે. માટુંગામાં ઘર નજીક એમનું ક્લિનિક છે. દર્શનની વાત કરીએ તો એનાં લગ્ન થવાને છે. એ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર છે. લગ્નજીવનનાં ૪૬ વરસ આ યુગલે પસાર કરી દીધાં છે. એમાં મીનાબહેનને દરેક ડગલે શાંતિલાલભાઈનો સાથ મળ્યો છે. તેઓ કહે છે, ''ગૃહિણીનું સૌથી મોટું કામ પરિવારને એક રાખવો. તકેદારી પણ રાખવાની કે ઘરની દરેક વ્યક્તિને પૂરતી સ્વતંત્રતા મળે. મને આનંદ છે કે મારા જીવનસાથીના સાથને લીધે હું આ જવાબદારી સારી રીતે નિભાવી શકી છું.''

## વિચારસત્ત્વ

કહે છે સરળતાથી વધુ સૌંદર્ય કશામાં નથી. એટલે તો શ્વેત-શ્યામ સૌથી સુંદર રંગો છે. મીનાબહેનનું જીવન આવી સરળતાથી મઘમઘે છે, ''પરમાત્માએ આપેલી પ્રત્યેક પળ દિલથી માણવા માટે છે. એકવાર જાય એ પળ ક્યારેય પાછી નથી આવતી. શું મળ્યું અને નહીં મળ્યું એની ખોટી ચિંતા કરવી નહીં. જીવન અનિશ્ચિત છે, જેટલું મળે એટલું દિલથી માણો. પરિવારને ખૂબ ચાહો. કોને ખબર કેમ પણ મારામાં આ સંતોષભાવ પહેલેથી રહ્યો છે. કોઈ મને પૂછે તો હું કહું છું કે હું તો જીવનથી બેહદ ખુશ છું. મારી એવી કોઈ અપેક્ષા જ નથી કે જે મને દુઃખી કરી શકે.''

તેઓ માને છે કે અકમેકને સાથ આપતા જ્ઞાતિ હજી ઘણી પ્રગતિ સાધી શકે છે. જ્ઞાતિના યુવા પ્રતિનિધિઓ માટે તેઓ સૂચન પણ કરે છે, ''આપણી જ્ઞાતિ આમ પણ નાની છે. આપણે એને ટકાવી રાખવાની છે. જ્ઞાતિના યુવાનો જ્ઞાતિમાં જ લગ્ન કરે એ ઇચ્છનીય છે. એકવાર પરનાતની દીકરી જ્ઞાતિમાં આવે તો ચાલે, કેમ કે છેવટે તો એ દૂધમાં સાકર ભળે એમ આપણી સાથે ભળી જશે. પણ આપણી દીકરી જ્ઞાતિબહાર પરણે એ સ્થિતિ બહુ સારી ના ગણાય.''

બીજો એક મુદ્દો ઉખેળતાં તેઓ કહે છે, ''યુવાનોને એટલું કહીશ કે પરિવારને કાયમ પ્રાથમિકતા આપો. એની જરૂરિયાતને સમજો. ઘરની તકલીફ પર આપસમાં ખુલ્લા મને ચર્ચા કરો આવી ચર્ચાથી પરિવાર સશક્ત બને છે. વડીલો પછી તમારે જ પરિવારને અને જ્ઞાતિને પણ સંભાળવાનાં છે.''

## સેવાવિશ્વ

પરિવારની જવાબદારી પાર પાડવા સાથે મીનાબહેને સેવાવિશ્વમાં પણ પોતાનું સ્થાન બનાવ્યું છે. મહિલાઓ માટેની સંસ્થા પરબ શક્તિ સંજીવની સોસાયટીમાં તેઓ છેલ્લાં ૩૩ વરસથી સભ્ય છે. જ્ઞાતિની અન્ય સંસ્થા કેડીઓ ક્લાસિક સોસાયટીનાં વાઇસ પ્રેસિડેન્ટ તરીકે તેઓ સેવા આપે છે. એના તેઓ સેક્રેટરી પણ રહી ચૂક્યાં છે. ઉપરાંત, જ્ઞાતિના પ્રતિષ્ઠિત પ્રકાશન પ્રકાશ સમીક્ષાનાં તેઓ ગોલ્ડન દાતા પણ છે.

પરગજુપણાની વાત નીકળે ત્યારે મીનાબહેન વિગતમાં જવાનું સસ્મિત ટાળે છે, ''સેવા કરી તો કરી... એ તો ફરજ ગણાય... એનો ઢંઢેરો શું પીટવાનો ? મારો સ્વભાવ છે કે કરેલી મદદની વાત જાહેરમાં કરવી નહીં. કોઈક માગે તો બનતું કરવું અને ત્યાં ને ત્યાં ભૂલી જવું. અમારા ઘરે કામ કરતા લોકો ક્યારેક મદદ માગે તો હું મદદ કરું પણ પછી પાછું મેળવવાનો વિચાર સુધ્ધાં કરતી નથી.''

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ અને પ્રકાશ સમીક્ષા વિશે વાત નીકળતાં તેઓ જણાવે છે, ''આપણી જ્ઞાતિ નાની પણ શક્તિશાળી છે. જ્ઞાતિમાં પ્રકાશ સમીક્ષા જેવું પ્રકાશન હોવું ગૌરવની વાત છે. જન્મથી મૃત્યુ સહિત દરેક પારિવારિક પ્રસંગો, ધાર્મિક અવસરો... સામયિકમાં બધું આવરી લેવામાં આવે છે. આપણને સૌને પ્રકાશ સમીક્ષા એક છત હેઠળ લાવે છે.''

સદીની શાનદાર સફર કરનારા પ્રકાશનને વાંચવાનો એમનો મહાવરો બાળપણનો છે, ''અમરાવતીના અમારા ઘરે પ્રકાશ સમીક્ષા આવતું ત્યારથી હું એની વાચક છું. આજે પણ લગભગ આખું મેગેઝિન વાંચી જાઉં છું. મળવા જેવા માણસો તથા શિલ્પા અજાણીના ઇંગ્લિશ આર્ટિકલ્સ મને વિશેષ ગમે છે.'' પ્રકાશ સમીક્ષાના ઉજળા ભવિષ્ય વિશે સૂચન કરતાં તેઓ કહે છે, ''હવેની પેઢી ઇંગ્લિશ મિડિયમની છે. મોટાભાગના યુવાનોને ગુજરાતી વાંચવામાં તકલીફ પડે છે. આપણું સામયિક હવે ઇંગ્લિશમાં પણ આવે તો યુવાનો એને રસપૂર્વક વાંચતા થશે. એનાથી જ આપણે આ અનન્ય સામયિકને આવતાં સો વરસ માટે ટકાવી રાખવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું પણ ભરી શકશું. આશા છે મેગેઝિનના સંચાલકો આ દિશામાં વિચારણા કરી જ રહ્યા હશે.''

સંતોષપૂર્વક અને સુખે જીવવાનો મીનાબહેન જેવો જ સ્વભાવ શાંતિલાલભાઈનો પણ છે. જીવરાજભાઈ અને આશાબહેનનાં ચાર સંતાનોમાં તેઓ સૌથી નાના. પરિવાર રહેતો વિક્રોલી. આર્થિક સ્થિત સામાન્ય. ૧૯૪૮માં શાંતિભાઈનો જન્મ. તેઓ ચાર-પાંચ વરસના હતા ત્યારે પિતાનું અવસાન થયું. માતાએ પાપડ વણીને સંતાનો ઉછેર્યાં. શાંતિએ પ્રાથમિક અભ્યાસ લીધો નલિયા. આઠમા ધોરણે પ્રવેશ મેળવ્યો જ્ઞાતિના વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહમાં. શાંતિલાલભાઈ કહે છે, ''અકલ્પનીય દૂરંદેશી સાથે વડીલોએ આવી સંસ્થા કરી હશે. એટલે મારા જેવા અનેકનો અભ્યાસ શક્ય થયો.'' પોદ્દાર કોલેજથી કોમર્સ ગ્રેજ્યુએશન પછી શાંતિલાલભાઈએ યુનાઇટેડ બેન્ક ઓફ ઇન્ડિયામાં નોકરી મેળવી, ''એકત્રીસ વરસ ત્યાં કામ કર્યું. ત્યાંથી જ નિવૃત્ત થયો. છેલ્લે હેડ કેશિયર હતો.''

જોકે શાંતિલાલભાઈ બાળક હતા ત્યારથી જાણકારો કહેતા કે આ તો ભૂમિપુત્ર છે. કેમ ? શાંતિભાઈ કહે છે, ''મને પહેલેથી નિસર્ગ ગમે, ગૌશાળામાં જવું, ખેતરમાં ફરવું ગમે. ત્યારે ખબર નહોતી કે મારો આ સહજ સ્વભાવ એક દિવસ શું પરિણામ સર્જશે.'' થયું એમ કે નોકરી સાથોસાથ પેલો પ્રકૃતિપ્રેમ અકબંધ હતો. અને ૧૯૮૩માં શાંતિલાલભાઈને અનાયાસે અવસર મળ્યો ખેતીમાં પા પા પગલી માંડવાનો. નર્યા શોખ ખાતર શરૂ થયેલી એ પ્રવૃત્તિ આજે એમના નિવૃત્તિકાળમાં એમનો મનગમતો વ્યવસાય છે. વાપી નજીકના સેલવાસ ગામે એમનું ફાર્મ છે. ત્યાં તેઓ દર સોમવાર-ગુરુવાર વચ્ચે રહે છે. ખેતીની ખુશી વિશે તેઓ કહે છે, ''સૌ ખેતી છોડતા હતા એ સમયે મેં એમાં શરૂઆત કરી હતી. હું લોકોને કહેતો કે ખેતી કરો, નોટોના બગીચા ઊગશે.''

જીવનમાં જેમનો નોંધપાત્ર પ્રભાવ પોતાના પર પડ્યો એમના વિશે વાત કરતાં શાંતિભાઈના મોઢે બે નામ પળવારમાં આવે છે, ''એક મારા શેઠ હતા, લક્ષ્મીચંદભાઈ અને બીજા મારા બનેવી, મુળજી રાઘવજી લોડાયા. એ બેઉને જોતાં, એમના વહેવારને નીરખતાં હું પરોક્ષપણે અનહદ શીખ્યો છું.''

પરિવારની વાત કરતાં, જેમ મીનાબહેન શાંતિલાલભાઈને જશ આપે છે એમ શાંતિલાલભાઈ જશ આપે છે મીનાબહેનને, ''વસ્તારી કુટુંબ સાચવવું અને ચલાવવું આસાન નથી. મીનાએ એ કામ સુપેરે કર્યું. હું, મારા ભાઈ, મારા દીકરા-વહુઓ અમે સૌ એક રહી શક્યા એ માટે મીનાને આપું એટલી ક્રેડિટ ઓછી છે.'' જીવનને માણવા વિશે તેઓ કહે છે, ''રોજ મુશ્કેલી અને રોજ નિવારણ... એનું નામ જીવન. એની ફરિયાદ કરવા કરતાં આવેલી ક્ષણને માણવી એ છે સાચું સુખ.''

આપણી જ્ઞાતિ વિશે તેઓ કહે છે, ''એકદમ મૃદુ, મળતાવડી અને શિસ્તપ્રિય છે આપણી જ્ઞાતિ. આપણે પ્રામાણિક પણ છીએ. આ ગુણોએ આપણને વિકસવામાં મદદ કરી છે.''

પ્રકાશ સમીક્ષા વાંચવાની એમની ટેવ બહુ જૂની છે, ''૧૯૮૩માં મુંબઈ આવ્યો ત્યારથી પ્રકાશ સમીક્ષા સતત વાંચું છું. એમાં પણ એનો તંત્રીલેખ મને બહુ ગમે. આપણું આ સામયિક ભલે વડીલો વિશેષ વાંચે છે પણ એ યુવાનોએ પણ વાંચવું રહ્યું. ભલે એને અંગ્રેજીમાં પણ લાવવું પડે તો લાવવું. આપણી આ ધરોહર એ રીતે પણ સચવાશે અને નવી પેઢી સુધી પહોંચશે.''

આરોગ્ય પ્રકાશ

# દમ – અસ્થમા

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઇ), M : 8369077978



દમ જેને અંગ્રેજીમાં (Bronchial) અસ્થમા કહેવાય છે જે કોઈપણ વસ્તુ કે પદાર્થના સંપર્કમાં આવ્યા પછી શરીરની ઈમ્યુન સિસ્ટમ (રોગ પ્રતિકારક યંત્રણા), કોઈ બિમારી થવાની હોય એની સામે પ્રતિકુળ પ્રતિસાદ આપે એને એલર્જી કહેવાય છે. જે છીંક, ઉધરસ, શરદી, ચામડી પર ચકામા રૂપે દેખાય કે દમનો અટેક આવે. દમ એ એલર્જીને લીધે થતો લાંબા ગાળાનો (ક્રોનિક) ફેફસાનો રોગ છે.

નાક દ્વારા લેવાયેલ હવા ગળામાં થઈ ટ્રકીયામાં જઈને એના બે ફાંટા બ્રોન્કસ દ્વારા ફેફસામાં જાય છે. હવામાં ધૂળ, રજકણ, પોલન-પરાગરજ, પક્ષીના પીંછાના અંશ, પ્રાણીઓની રૂંવાટી, તમાકુ, બીડી, સિગારેટનો ધૂમાડો, મચ્છર ભગાડવાની કોઈલ કે લીક્વીડ, (આ ધુમાડો સો સિગરેટ જેટલું ફેફસાને નુકશાન કરે) અગરબત્તી કે ધુપના ધુમાડા, પરફ્યુમ, ઝેરી પ્રદુષણ, ઉડ્ચનશીલ રંગ વગેરેમાંથી કોઈપણ ચીજની એલર્જી, ડીફલોફીનેક, બ્લડ પ્રેશર કે હાર્ટની અમુક દવાઓથી પણ કોઈને એલર્જી થઈ શકે. માનસિક તાણ, અને પરિશ્રમ કે અતિ કસરત અને અતિ ઠંડીથી પણ દમ થઈ શકે. ગાદલા, તકિયા ચાદર એમાંની ધૂળ, ફંગસ, ટરમાઈટસ વગેરેને લીધે પણ એલર્જી થઈ શકે. સફાઈ કે રંગકામની પણ એલર્જી થઈ શકે. એક વ્યક્તિને કાજુનો એક નાનો ટૂકડો પણ કોઈ વાનગીમાં આવી જાય તો તેનાથી દમનો જોરદાર અટેક આવતો હતો.

જેને દમનો અટેક આવે તેના શ્વસનતંત્રની અંદર સોજા આવે, પ્રવાહી ઝરે જેને લીધે કફ જમા થાય, શ્વાસનળી સાંકડી થાય, એમાંથી હવા પસાર થાય એટલે સીટી જેવો વિચિત્ર અવાજ આવે. ઉધરસ, છીંક આવે, છાતીમાં દુઃખાવો કે દબાણ થાય, માથું દુઃખે, દમ ઘૂંટાય. સતત આવી તકલીફ રહે તો થાક, નબળાઈ, ચિડીયાપણું થાય, ઉંઘ બગડે.

બી.પી. વધવાથી, હૃદયની અમુક તકલીફમાં દમ થઈ શકે. હિમોગ્લોબીન ખૂબ ઓછું થાય તો દમ જેવું લાગે. ફેફસાની ન્યુમોનિયા ઈન્ટર સ્ટીસીઅલ લંગ ડીસીસ જેવી તકલીફમાં પણ દમ જેવું લાગે, ડોક્ટર હીસ્ટ્રી અને રીપોર્ટ તપાસી નિદાન કરે, તે પ્રમાણે ઈલાજ થાય.

દમનું નિદાન : ડોક્ટર દર્દીની હિસ્ટ્રી, કુટુંબનો ઈતિહાસ, લક્ષણો જાણી, દર્દીને તપાસી નિદાન કરે.

એલર્જી ટેસ્ટ : કઈ વસ્તુની એલર્જી છે તે જાણવા આ ટેસ્ટ માટે બાવડા પરની ત્વચામાં વિવિધ કોમન વસ્તુ કે પદાર્થના દ્રાવણ નાની સોય દ્વારા નાખે અને તેનાથી શું રીએક્શન આવે છે તેથી શેની એલર્જી છે તે નક્કી થાય.

સાવચેતી : સુવાના રૂમના બારી-બારણા ખુલ્લા રાખવા (અતિ ઠંડીમાં નહીં). શક્ય હોય તો પડદા કારપેટ વગેરે પ્લાસ્ટીકના વાપરવા. સિન્થેટીક રૂના તકિયા ગાદલા વાપરવા, ફર્નીચર વગેરે ધોઈ શકાય તેવું રાખવું જેથી અવારનવાર ધોઈ સ્વચ્છતા જાળવી શકાય. ઘરની સફાઈ વખતે કે રંગરોગાનના કામ થતું હોય ત્યારે દૂર રહેવું, નવા રંગ કરેલા રૂમમાં બેસવું કે સુવું નહિ, પેસ્ટ કંટ્રોલ કરતી વખતે સાચવવું. વેક્યુમ કલીનર સફાઈ માટે વાપરવું હિતકારી જેથી ખૂણા ખાંચરાની વ્યવસ્થિત સફાઈ થાય. અને ધૂળ ઉડવાથી બચી શકાય. બિલાડી, કૂતરા કે અન્ય પશુ-પક્ષી પાળવા નહિં. વસંત અને પાનખર ઋતુમાં બહાર ફરવાનું ટાળવું. ભેજ, ફૂગ કે બંધિયાર વાતાવરણમાં રહેવું નહિં, ઠંડા પીણા, ખાણી, ઠંડા પદાર્થ, એસ્પ્રીન, ડિક્લોફીનેક, બીટબ્લોકર ટાળવા. જાડાપણું હોય તો દૂર કરો.

ઈલાજ : આ રોગ હઠીલો છે. દમમાં ફેફસાને કાયમી નુકશાન થતું નથી. આધુનિક ઈલાજ દમ માટેની ગોળીઓ Deryphyline, Etophylline, Salbyutmol વગેરે કે રધુ

તકલીફ હોય તો Deryphylline, Aminophyllineના ઈન્જેક્શન, સ્ટેરોઈડ કે ક્યારેક IV પણ લગાવવું પડે. ઈનહેલરથી રોગ કાબુમાં રહે છે.

ઘરગથ્થુ ઈલાજ : (૧) તુલસીનો રસ ૩ ગ્રામ, આદુનો રસ ૩ ગ્રામ, ૧ ચમચી અસલી મધ સાથે લેવાથી ફાયદો થાય છે. (૨) ૧ ચમચી હળદર અને ૧ ચમચી સૂંઠ પાણી સાથે લેવું. (૩) ત્રણ અંજીર પાણીમાં ભીંજવી સવારે ખાલી પેટે ચાવીને તે પાણી પી જવું. અથવા અંજીરને દૂધમાં ઉકાળી પણ લઈ શકાય. (૪) ૧૫ થી ૨૦ મરી વાટી અસલી મધ સાથે લેવા (૫) ૨ રતિભાર ફૂલાવેલી ફટકડી નાગરવેલના પાનમાં નાખી ખાવું. (૫) તુલસીનો રસ ૧૦ ગ્રામ અસલી મધ ૫ ગ્રામ સાથે લેવું. (૬) કોબીજ, ફલાવર, ગાજર ફેફસા અને દમ માટે સારા તેથી તેનો નિયમિત ઉપયોગ કરો.

૧૦ સુપર ફૂડ જે એલર્જી સામે લડે : (૧) લસણ (૨) પાલકભાજી (૩) અદરક (૪) સફરજન (૬) હળદર (૬) એવાકાડો ફળ (૭) કોબી (૮) ગ્રીન ટી (૯) કેળા (૧૦) પાણી. આ સર્વ વસ્તુઓનો નિયમિત યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરી ફાયદા મેળવો.

કુંભક : યોગ પ્રાણાયામમાં પૂરક-કુંભક-રેચક એમ ત્રણ સ્થિતિ હોય છે. શ્વાસ અંદર લઈએ તો પૂરક, શ્વાસ અંદર રોકી રાખીએ તે કુંભક અને શ્વાસ બહાર કાઢીએ તે રેચક. શ્વાસ બહાર કાઢ્યા પછી શ્વસન ક્રિયા રોકવી તે પણ કુંભક જ છે. કુંભક રોજ નિયમિત કરી ધીરેધીરે તેનો સમય વધારતા જઈ ફેફસાને મજબૂત બનાવી શકાય. ફેફસા મજબૂત થાય એટલે દમમાં રાહત મળે. યોગ શિક્ષકના માર્ગદર્શન હેઠળ કુંભક દ્વારા દમ મટાડી શકાય છે.

આમ ઉપર જણાવેલ સાવચેતી લઈ, એલર્જીથી બચી, ઈલાજ કરી દમમાં રાહત મેળવો.

**નમ્ર નિવેદન :**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

## જૈન મંદિરો-સંસ્થામાં સ્ટાફ-પુજારીઓની અછત અને વિકલ્પ




ખાસ કરીને આપણા કચ્છ અબડાસાના જૈન મંદિરો-સંસ્થાઓમાં મહેતાજી-પુજારીઓ -સ્ટાફ લોકલ મળતા નથી અને બહારગામથી આવનાર વધારે ટકતા નથી. એનું કારણ એ પણ હોઈ શકે કે આપણે ત્યાં પગારનું ધોરણ ઓછું અને રહેવા-ખાવાપીવાની સુવિધા ઘણા ગામોમાં મળતી નથી.

અત્યારે આપણી જૈન-હિંદુ લોકલ વસ્તી ઘટતી જાય છે એટલે આપણને લોકલ જૈનો કે હિંદુ કર્મચારી મળતા નથી તેથી આપણે બહારગામના પુજારી-સ્ટાફ ઉપર નિર્ભર રહીએ છીએ એમની ડીમાંડ વધારે હોય છે અને બધી સગવડો પણ આપવી પડે છતાં પણ સંતોષ મળતો નથી.

આ બાબતે મારું મંતવ્ય એ છે કે આપણા જ્ઞાતિનાં દેશાવર-બહારગામ-મુંબઈ અથવા મુંબઈના પરામાં રહેતા, કચ્છમાં સ્થાયી થવા ઈચ્છતા, ઓછા ભણેલા યુવાનો, સશક્ત સીનીયર સીટીઝનોને સારો પગાર અને ખાવા-પીવા-રહેવાની સગવડ આપવામાં આવે તો એ જરૂરથી આકર્ષિત થશે. અને આપણા મંદિરો-સંસ્થાઓની પણ સારી રીતે જાળવણી કરશે.

આ બાબત પર લોકલ મહાજન, લોકલ ટ્રસ્ટીઓ તેમજ બહારગામ વસતા ટ્રસ્ટીઓનું સમન્વય હોય તો એના ઉપર વિશેષ ધ્યાન આપી શકાય.

તદ્ઉપરાંત દરેક ગામવાસીઓ પોતાના ગામમાં પાણીપધર (હવાફેર) માટે આવનાર જરૂતમંદ માણસો માટે ૧૫ દિવસ ત્યાં રહેવા-જમવાની નજીવા દરે વ્યવસ્થા કરવામાં આવે તો ગામ ધમધમતું રહેશે અને આવન-જાવન વધશે.

**- રાયચંદ દેવશી જીવાણી-જખૌ(ડોંબિવલી)**

**મો.: ૮૭૭૯૮૭૫૧૦૯**

સ્મૃતિ વિશેષ

# આપણી જ્ઞાતિ ઈતિહાસનો કરૂણ અધ્યાય : ૧૯૪૪નો ગોદી ધડાકો-૨



સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭

અમેરિકાએ ૧૯૪૫માં જાપાનના હિરોશિમા અને નાગાસાકી શહેરો પર અણુબોમ્બ ફેંક્યા તે બોમ્બ ધડાકાને ઇતિહાસમાંના સૌથી શક્તિશાળી વિસ્ફોટ ગણવામાં આવે છે, પરંતુ તે પહેલા એ સમયનો સૌથી શક્તિશાળી વિસ્ફોટ ૧૪મી એપ્રિલ, ૧૯૪૪માં મુંબઈના વિક્ટોરિયા ડોકમાં એસ.એસ. ફોર્ટ સ્ટાઈકિન જહાજમાં થયેલ વિસ્ફોટ હતો.

જાપાને ડિસેમ્બર ૧૯૪૧થી માર્ચ ૧૯૪૨ દરમિયાન બ્રિટિશ સત્તા હેઠળના મ્યાનમાર, મલાયા તથા સિંગાપુર, ફ્રેન્ચોની સત્તા હેઠળના હિંદી-ચીન અને હોલેન્ડના કબજા હેઠળના ઇન્ડોનેશિયા જીતી લીધાં હતાં. પછી બર્મા તરફ ચઢાઈ કરી. બર્મા ઉપર અંગ્રેજોનું રાજ હતું અને ત્યાંની પ્રજા બ્રિટિશ શાસન વિરોધી અને જાપાનના આક્રમણને સાથ આપ્યો તેથી જાપાને આસાનીથી બર્મા જીત્યું. બર્મા જીત્યા પછી જાપાને માર્ચ -એપ્રિલમાં ઇમ્ફાલ અને કોહિમા પર ચઢાઈ કરી જેથી ભારત સુધી પહોંચવાનો રસ્તો ખુલ્લો થાય. બ્રિટિશ સેનાને નબળી પાડવી, આઝાદ હિન્દ ફોજને તેની સ્વતંત્રતા લડતમાં મદદ કરવી. સાથે જ મલય પ્રાયદ્વીપ તથા સિંગાપુરમાં લડતા પોતાના સૈનિકોની રક્ષા કરવા ઈચ્છતું હતું. ઉપરાંત, બર્માથી પસાર થતો ''બર્મા રોડ'' અમેરિકન પુરવઠો ચીનની ચિયાંગ કાઈ-શેકની સેનાને પહોંચાડતો હતો; તે માર્ગ બંધ કરીને જાપાન ચીનને કમજોર કરવા માંગતું હતું. ઇમ્ફાલ અને કોહીમા જેવા મહત્વપૂર્ણ બ્રિટિશ પુરવઠા મથકો પર કબજો મેળવવાથી ભારતના ઉત્તરપૂર્વમાં બ્રિટિશ રક્ષણ તુટી જાય તેથી બ્રિટિશ સરકારને પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા જાપાનનું આક્રમણ ખાળવું જરૂરી હતું. તેથી ઈંગલાંડથી શસ્ત્રો, દારૂગોળો મોકલી ભારે લડત આપવા માટે પસંદ કરાયેલ જહાજોમાં ફોર્ટ સ્ટાઇકિનની પસંદગી કરવામાં આવી જે મુંબઈ બંદર પર ૧૪.૪.૧૯૪૪ ના વિસ્ફોટમાં નાશ પામ્યું.

ફોર્ટ સ્ટિકિન જહાજ ફોર્ટ શ્રેણીનું એક જહાજ હતું. ફોર્ટ નામની શ્રેણીના જહાજો એ દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન યુનાઇટેડ કિંગડમ માટે કેનેડામાં બનાવવામાં આવેલા ૧૯૮ નૌકાદળની સહાયક જહાજોની એક શ્રેણી હતી, જેની માલિકી બ્રિટિશ સરકારના એક વિભાગ મિનિસ્ટ્રી ઓફ વોર ટ્રાન્સપોર્ટ (MOWT)ની હતી જેનો હેતુ નૌકાદળની ફ્લીટને લોજિસ્ટિકલ મદદ પૂરી પાડવાનો, જેમાં દરિયાઈ માર્ગે જ ઇંધણ, દારૂગોળો અને સામાનનો પુરવઠો કરવાનો સમાવેશ થતો હતો. આ શ્રેણીના દરેક જહાજનું નામ ફોર્ટ શબ્દથી શરૂ થતું હતું. ફોર્ટ સ્ટાઈકિન જેમાં સ્ટાઈકિન શબ્દ જહાજને કેનેડાની નદી સ્ટિકિન (Stikine) પરથી નામ અપાયું, જે તે સમયની પ્રથા અનુસાર, બ્રિટિશ સામ્રાજ્યના જુદા જુદા વિસ્તારોની નદીઓ અને કિલ્લાઓના નામ પર રાખવામાં આવેલું. આધુનિક સગવડો ધરાવતું આ જહાજ જે પ્રિન્સ રૂપર્ટ ડ્રાયડોક એન્ડ શિપયાર્ડ, બ્રિટિશ કોલમ્બિયા, કેનેડાએ બ્રિટીશ નૌકા સૈન્ય માટે ૧૯૪૨ના જુલાઈની ૩૧મી તારીખે પહેલી વાર પાણીમાં તરતું મુક્યું જે ૪૨૪.૨ ફૂટ લાંબુ, ૫૭.૨ ફૂટ પહોળું, ૩૫ ફૂટ ઉંડુ, ૭૧૨૪ ટન વજનનું હતું. બંધાયા પછી તરત જ ગ્રેટ બ્રિટનના વોર શિપિંગ એડમિનિસ્ટ્રેશનમાં જોડાયું હતું અને લડાઈની કામગીરીના ભાગ રૂપે દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન ૪૧ કાફલામાં અને અનેક સ્વતંત્ર મુસાફરીઓ કરી હતી.

આ જહાજમાં સુપરમરીન સ્પિટફાયર (એક સીટવાળું યુદ્ધ વિમાન) પ્રકારનાં ૧૨ યુદ્ધ વિમાનો, રોકેટ, ટોરપીડો, જહાજોના સ્પેરપાર્ટસ્, વિવિધ ક્ષમતાના બોમ્બ, બંદુકની ગોળીઓ, હથિયાર, જમીન તથા પાણીની સુરંગો, સલ્ફર અને અત્યંત વિનાશક ક્ષમતા ધરાવતો લગભગ ૧૪૮૧ ટન દારુગોળો ભર્યો હતો. લાકડાનાં ૩૦ ખોખામાં ૧૦ લાખ પાઉન્ડની કિંમતની આશરે ૩૮૨ કિલો સોનાની પાટો ભરી

હતી, એ સોનું બેન્ક ઑફ ઇંગ્લેન્ડમાંથી ભારતીય હૂંડિયામણની સ્થિરતા માટે ભારતીય રિઝર્વ બેન્કમાં જમા કરાવવા માટે મોકલવામાં આવ્યું હતું. જહાજમાં ૧૨ કિલો અને ૭૦૦ ગ્રામ વજનની સોનાની ઈંટો ભરેલી લાકડાની કુલ ૩૦ પેટીઓ જહાજમાં સલામતીના કારણોસર સ્ટીલનાં બોક્સમાં મૂકવામાં આવી હતી અને તેને વેલ્ડિંગ વડે સીલ કરવામાં આવી હતી. દારૂગોળો રાખવામાં આવ્યો હતો એ જ જગ્યાએ આ પેટીઓ પણ રાખવામાં આવી હતી.

૪૫ વર્ષના કેપ્ટન ઍલેકઝેન્ડર નાયસ્મિથ જહાજના સામાન વિભાગના વડા હતા. જહાજમાં જોખમી કાર્ગો હોવાને લીધે તેઓ ચિંતિત હતા. તદુપરાંત યુદ્ધ પણ ચાલી રહ્યું હતું. તેથી તેમને ચિંતા હતી કે સમગ્ર મુસાફરી દરમિયાન દુશ્મન દેશો જહાજ પર હુમલો કરશે તો શું થશે? આ જોખમને ધ્યાનમાં રાખીને જહાજમાં ક્રૂ મેમ્બર્સ પર ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ હતો.

ફોર્ટ સ્ટિકાઇન ૨૪ ફેબ્રુઆરીએ બિર્કનહેડથી નીકળી હતી અને ટૂંક સમયમાં ૨૦ જહાજોના કાફલામાં જોડાઈ ગઈ હતી. આગળ જતા બીજા જહાજો જોડાતા કાફલો ૫૦ જહાજોનો થયો. તેમાં બે મર્ચન્ટ એરક્રાફ્ટ કેરિયર્સ પણ હતા જે યુદ્ધ દરમિયાન સબમરીનોના જોખમ સામે કાફલાને એન્ટી-સબમરીન વિમાન ચલાવી રક્ષણ આપી શકે.

'' ફોર્ટ સ્ટિકાઇન''ની મુંબઈ સુધીની સફર મુશ્કેલ રહી. ખરાબ હવામાન દરમ્યાન, કાફલામાંના બે વાયુમેનોએ પોતાનું સ્વોર્ડફિશ (દુશ્મનની સબમરીન શોધી તેની ઉપર હુમલો કરનાર એરક્રાફ્ટ) ડેક પર ઉતારવાનો પ્રયાસ કરતા જીવ ગુમાવ્યો. ફોર્ટ સ્ટિકાઇન એક સ્ટોવવે (એવી વ્યક્તિ છે જે ગુપ્ત રીતે પરવાનગી વગર મુસાફરી કરનાર જે જહાજના ક્રૂ અથવા મુસાફરો બંને માટે સલામતી જોખમ ઊભું કરી શકે છે.) મળી આવ્યો. જિબ્રાલ્ટરની જળસંધી પર પહોંચ્યા પછી કાફલો બે ભાગમાં વહેંચાઈ ગયો, ફોર્ટ સ્ટિકાઇનનો ભાગ મધ્યસ્થ સાગર તરફ ગયો, બાકીના પશ્ચિમ આફ્રિકા તરફ વળી ગયા. ફોર્ટ સ્ટિકાઇન સાથે અમેરિકાથી આવનારા વધુ જહાજો પણ જોડાયા. સ્પષ્ટ કારણોસર મુસાફરી દરમ્યાન સંરક્ષણાત્મક કારણોસર ફોર્ટ સ્ટિકાઇનને બહારની લાઈનમાં રાખવામાં આવ્યું. કાફલો ઉત્તર આફ્રિકાના કિનારે આગળ વધ્યો. હવાઈ હુમલો થાય તો તેની સામે રક્ષણ માટે બેરેજ બલૂન ઉડાવ્યા (આ હિલિયમ અથવા હાયડ્રોજન ગેસથી ભરાયેલા બલૂનોને નાઈલોન અથવા રબરના મોટા તારથી બાંધી રાખવામાં આવે છે જેથી શત્રુના વિમાનો નીચે સુધી આવતા અવરોધાય અને ઉંચે ઉડાડવા મજબૂર કરીને વિમાન વિરોધી ગોળી દ્વારા ઉડાડી દેવાય.) આ કારણે મુસાફરી ધીમી પડી ગઈ.

અલ્જિયર્સની પાસે કાફલા પર ચાર જર્મન જાસૂસી વિમાનોએ હુમલો કર્યો. આવા જાસૂસી વિમાનોનું કામ કાફલા ઉપર નજર રાખવાનું, સીધા બોમ્બ ફેંકી અથવા મશીનગનથી જહાજ પર હુમલો કરવાનું અને પોતાની સબમરીનોને માહિતી પહોંચાડવાનું. જેથી સબમરીન હુમલા સરળ બને. પરંતુ ફોર્ટ સ્ટિકાઇનને છોડીને બીજાં પર ગોળીબાર કર્યો. અડધો કલાક સુધી જર્મનો હુમલો કરતા રહ્યા, પરંતુ ઈંધણની તંગીને કારણે પરત ફર્યા. આગળ કાફલો બે ભાગમાં વહેંચાયો. મોટું જૂથ ઇટાલી તરફ ગયું, જ્યારે ફોર્ટ સ્ટિકાઇન અને અન્ય અગિયાર પોર્ટ સઈદ તરફ આગળ વધ્યા. કેનાલમાં પ્રવેશ્યા પછી, ફોર્ટ સ્ટિકાઇને પોર્ટ તૌફિક પર લંગર નાખી ઇંધણ લીધું તથા ચોરી છુપીથી જહાજ પર દાખલ થયેલ ગુપ્તચરને સત્તાવાળાઓને સોંપી દેવાયો. ત્યારબાદ ફોર્ટ સ્ટિકાઇન કેનાલ, રેડ સી મારફતે ૧૭ માર્ચે એડન થઈ અંતે ૩૦ માર્ચે કરાચી પહોંચવું.

(ક્રમશઃ)


**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

વનિતા વિશ્વ

# વાનગી પ્રતિયોગિતા

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com

''પ્રકાશ સમીક્ષા''માં વાનગી પ્રતિયોગીતાની માહિતી આપી અને ફોન કોલ આવવાના શરૂ થઈ ગયા. આનંદ એ વાતનો છે કે આપણા જ્ઞાતિજનો હજી પણ અંક બહાર પડતાં જ વાંચવા લાગે છે.

આજના  ડિજિટલ જમાનામાં જ્યારે વાંચન બહુ ઓછું થઈ ગયું છે; forwarded msgs. ને forward કર્યા રાખે છે, ત્યારે આપણી પેઢી હજી  વાંચનમાં રૂચી રાખે છે, એટલું જ નહીં ફીડબેક પણ આપે છે. ખરેખર બહુ સુંદર સમજવા જેવી વાત છે. વાંચ્યું; તમને ગમ્યું તો તમે વખાણ કર્યા, પ્રોત્સાહન આપ્યું અને કોઈ લેખનમાં કંઈક ન ગમ્યું તો એ પણ બેધડક કહી દીધું. સલાહ સૂચન પણ આપે. આ મને બહુ ગમે છે. પોતાના વિચાર વ્યક્ત કરવામાં કાંઈ ખોટું નથી. ઊલટું એનાથી લેખકને પણ ક્યારેક સુધારવાનું શીખવા મળે અથવા ક્યારેક નવો આઈડિયા પણ આવી જાય. ''પ્રકાશ સમીક્ષા''માં આવતા દરેક લેખને આમ જ પ્રતિસાદ મળતો રહે; આપણો વાચક વર્ગ વધતો રહે; એ જ ઈચ્છા.

હવે ''વાનગી પ્રતિયોગિતા'' બદલ કંઈક જણાવવું છે. ખૂબ વિચારીને પહેલા તો વિસરાઈ ગયેલી વાનગીની જ પ્રતિયોગિતા રાખવાનું નક્કી કર્યું. પણ પછી થયું આમાં તો કદાચ બહુ લિમિટેડ એન્ટ્રી આવશે. આજની મોર્ડન મમ્મીઓ પણ જે હેલ્થ કોન્સીયસ (health conscious) હોય છે. પોતાના બાળકોને જંક ફૂડથી બચાવવા માગતી હોય છે. એ લોકો રોટલીમાં શાક અને કંઈક ચટપટું નાખીને લપેટીને રેપ (wrap) કે (Frankie) ફ્રેન્કી નામ આપી દે અને છોકરાઓને ખવડાવી દે છે. અથવા ખાખરા કે રોટલાના પીઝા કે ભાખરીના બર્ગર એવું બધું ઓરીજનલમાં ટ્વીસ્ટ આપીને ''ફ્યુઝન''ના નામથી બચ્ચાઓને  ખાતા કરી દીધા છે. અમારા વખતે તો એક જ ઉપાય હતો. ''ખાઈએં તો ક મથે મેં ભૂંસિયા?'' અથવા બે થપ્પડ મારીને પણ સંતાનોને ખવડાવી દેતા. શાક ન ભાવતું હોય અથવા ન ખાવું હોય તો એને માથામાં ભુસવાથી શું થાય એ તો ખબર નથી પણ સંતાન ડરના લીધે ખાઈ લેતા હતા. બસ. મેં પણ મારા છોકરાઓ પર આ આ રીત અજમાવેલી છે. હા હા હા...

અને એટલે જ ''વાનગી પ્રતિયોગિતા''માં ત્રીજી કેટેગરી રાખી છે ફ્યુઝન (fusion) બનાવવાની. ઓરીજનલ સાથે કંઈક ટ્વીસ્ટ આપીને ચટપટું બનાવવાનું. જે આજના સંતાનો રોટલા, ભાખરી ન ખાતા હોય એ પણ ફ્યુઝનના નામે ખાતા થઈ જાય. તો તમે બધા તૈયાર છો ને?

''વાનગી પ્રતિયોગિતા'' દુનિયાભરમાં રહેતા આપણા જ્ઞાતિજનો ભાગ લઈ શકે છે અને એ માટે જ પ્રતિયોગિતાની અંતિમ તારીખ વધારીને પાંચ ડિસેમ્બર કરી નાખી છે. તો ચાલો જલ્દી – જલ્દી મોકલો. અને ખૂબ ઇનામો જીતો. ત્રણ કેટેગરીમાંથી કોઈપણ બે માં ભાગ લઈ શકો છો. વિડીયો ફક્ત બે થી ત્રણ મિનિટનો જ હોવો જોઈએ. એક અલગ કાગળ પર ઇન્ગ્રિડિયન્ટ્સ (ingredients) સાથે રેસીપી વિગતવાર મોકલવાની રહેશે. એનો ફોટો કાઢીને તેમજ ફાઈનલ પ્રોડક્ટનો પણ ફોટો કાઢીને મોકલવાનું રહેશે. અને સાથે તમારું નામ, ગામ, એડ્રેસ, મોબાઈલ નંબર જરૂર-જરૂર લખશો.

ALL THE BEST TO ALL  THE CONTESTANTS.

કલા-કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

Sarees Since 1976
Matunga (E)

Gharchola-Bandhni-Patola
Sarees-ChaniaCholi-Borders

Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree  (SUNDAY CLOSED)

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય પુરસ્કાર માટે ચાર નોંધપાત્ર KDO મહિલાઓનું નામાંકન



**ડો. મીરા દેવચંદ ધરમશી**
Consulting Homeopath,
Social Worker,
Community Leader



**શિલ્પા અજાણી**
Gemmologist,
Jewellery Designer



**અલ્પા ધરમશી**
A Compassionate
Multilingual Counsellor



**ખ્યાતિ ધરમશી**
Renowned Journalist

'ડો. સરોજિની નાયડુ, ધ નાઈટિંગેલ ઓફ ઇન્ડિયા ઇન્ટરનેશનલ એવોર્ડ ફોર વર્કિંગ વિમેન' એ એક વાર્ષિક એવોર્ડ છે જે વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત મહિલાઓના ઉમદા યોગદાનને પારખીને તેનું ઉજવણું કરે છે. આ પુરસ્કાર, ઇન્ટરનેશનલ ચેમ્બર ઓફ મીડિયા એન્ડ એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રી (ICMEI), ઇન્ટરનેશનલ વિમેન્સ ફિલ્મ ફોરમ (IWFF) દ્વારા ડો. સંદીપ મારવાહના નેતૃત્વ હેઠળ આયોજિત, અને AAFT યુનિવર્સિટી સાથે સંકળાયેલ છે. તેનું નામ અગ્રણી ભારતીય નેત્રી અને કવયિત્રી ડો. સરોજિની નાયડુના નામ પરથી રાખવામાં આવ્યું છે અને તેનો ઉદ્દેશ શ્રેષ્ઠતાનું સન્માન કરવા, અન્ય સ્ત્રીઓને પ્રેરણા આપવા અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે. આ એવોર્ડ્સ શિક્ષણ, મીડિયા, કલા, વ્યવસાય, રાજકારણ, વિજ્ઞાન અને સમાજસેવા સહિત વિવિધ કાર્યક્ષેત્રોમાં પોતાની કાબિલિયત ઝળકાવનારી વિશ્વભરની મહિલાઓને બિરદાવે છે.

આ વર્ષે, પોતપોતાના ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી આપણી ચાર KDO મહિલાઓને આ એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવ્યા છે. ૨૯ નવેમ્બરના રોજ નોઈડાના મારવાહ સ્ટુડિયો ખાતે યોજાનાર એવોર્ડ સમારોહમાં ડો. મીરાબેન ધરમશી, શિલ્પાબેન અજાણી, અલ્પાબેન ધરમશી અને ખ્યાતિ ધરમશીનું સન્માન કરવામાં આવશે.

પ્રકાશ સમીક્ષા તે સહુ પુરસ્કૃત સન્નારીઓને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## ડૉ. કરિશ્મા લોડાયાને એમ.ડી.એસ. ડીગ્રી



કોઠારાના જલગામ (જલગાંવ) નિવાસી ડૉ. કરીશ્મા નીતાબેનની-નિતીન વર્ધમાન લોડાયાએ ડેન્ટલ સર્જરીમાં માસ્ટર્સ ડીગ્રી પ્રાપ્ત કરી છે. ડૉ. કરિશ્માબેને પેરિયોડોન્ટોલોજી અને ઓરલ ઈમ્પ્લાન્ટોલોજી વિષયમાં એમ.ડી.એસ. ડીગ્રી પ્રાપ્ત કરી છે.

## સતીષ નાગડા-તિરૂપુરનું બહુમાન




પ્રાચી એક્સપોર્ટ તિરૂપુર ખાતે આયોજીત બ્લડ ડોનેશન કેમ્પમાં શ્રી હાર્દિક છેડાએ સતીષ નાગડાનું તેમના સાતત્યપુર્ણ રક્તદાન બદલ બહુમાન કર્યું હતું.

## પ.પૂ.શ્રી ભલારાદાદાનો ૨૯મો ધ્વજા મહોત્સવ




પ.પૂ.શ્રી ભલારાદાદા (નાકા બહારનુંસ્થાન)ની ૨૯મી વર્ષગાંઠ-ધ્વજા મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો. ધ્વજાનું વિધિવિધાન પ્રતિકભાઈ જોષી દ્વારા પૂજન વિધિ તેમજ શ્રીફળ હોમવાની વિધિ ભાવિક શ્રી ભૂવા શ્રી સાગરભાઈ ગાલાના કરકમલો દ્વારા કરવામાં આવી.

આજની ધ્વજા ચડાવ્યા બાદ સંગીતકાર કમલેશગીરી ગોસ્વામી દ્વારા મહાઆરતી કરવામાં આવેલ જેમાં સૌ ભાવિકોએ ભાવ સાથે આરતી ઉતારેલ ત્યારબાદ ભાવિકો તરફથી નૈવેદ્ય પ્રસાદ ચડાવવામાં આવેલ. ધ્વજા મહોત્સવ પ્રસંગે ટ્રસ્ટીઓ શ્રી જયેશભાઈ લાલકા-ભુજ, શ્રી જીજ્ઞેશભાઈ છેડા-સુથરી, શ્રી પ્રબોધભાઈ ધરમશી-ભુજ તેમજ શ્રી મીતેષ  લોડાયા-વાંકુ તથા ભાવિકો શ્રી દીપકભાઈ ડાઘા તેમજ પદમભાઈ મોમાયા, શ્રી ભરતભાઈ લોડાયા, આશાબેન ડાઘા, કલ્પનાબેન હેફા, લીલાવંતીબેન મુનવર, દિપ્તીબેન છેડા અને અન્ય ગામના ભાવિકોએ ધ્વજા મહોત્સવમાં બહોળી સંખ્યામાં લાભ લીધેલ.

આગલા દિવસે સાંજે પ.પૂ. શ્રી ભલારાદાદાના પાઠની જ્યોત ભૂવાશ્રી કિશોરભાઈ સાંયાએ પ્રજ્વલિત કરેલ અને જીજ્ઞેશભાઈ છેડાના સુપુત્ર આદિત્યને ભલારાદાદાના પાઠમાં બેસાડી અને પૂ. દાદાના દાનીની વિધિ સંપન્ન કરાવી.

## નાસિક નગરે પ્રભુજીનો નગર એવં ગભારા પ્રવેશ



નાસિક નગરે શ્રી મધુર-ભવ મહાવિદેહ ધામ મધ્યે સ્વદ્રવ્ય નિર્મિત શ્રી સીમંધર સ્વામિ ધ્યાનાલયમાં શ્રી સીમંધરસ્વામી, શ્રી આદિનાથ, શ્રી વિમલનાથ ભ. આદિ જિનબિંબ, મંગલમૂર્તિ શ્રી ગૌતમસ્વામી એવં શાસન દેવીઓનો ધામધુમથી ગભારા પ્રવેશ થયો. એ પહેલા કુંભસ્થાપન, દીપક સ્થાપન, જ્વારારોપણ એવં પાટલા પૂજન થયા.



પ્રભુજીના ગભારા પ્રવેશ પછી શેઠશ્રી રાયચંદ ધરમશી પ્રવેશદ્વાર, લીફ્ટ, શ્રી સોન-રાય વિવિધલક્ષી હોલ તથા શ્રી વાલજી લધા અતિથી ગૃહનું ઉદ્ઘાટન થયું. પછી દાતા પરિવારોનું બહુમાન કરવામાં આવ્યું. બહારથી સારી સંખ્યામાં જ્ઞાતિ બંધુઓ પધાર્યા હતા.

## 'વંદે માતરમ'ને ૧૫૦ વર્ષ પૂર્ણ થયા



'વંદેમાતરમ' ને ૧૫૦ વર્ષ પૂર્ણ થયા તે પ્રસંગે આયોજીત કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડી, તેલંગાણા ભાજપા અધ્યક્ષ એમ. રામચંદ્ર રાવ, સાંસદ ડી.કે. અરૂણાને સ્મૃતિચિહ્ન ભેટ આપી રહેલા લવ ફોર કાઉ ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી રિદ્ધિશ જાગીરદાર સાથે અન્ય મહાનુભાવો.

## મુલુંડ ખાતે ફ્રી હોમિયોપેથી કેમ્પ

અનંત ડાગ્નોસ્ટીક દ્વારા મુલુંડ ખાતે ડૉ. અપર્ણા રીતેશ નાગડાનો પ્રથમ ફ્રી હોમિયોપેથી કન્સલ્ટીંગ એ્ મેડીસીન કેમ્પ તા. ૨૩.૧૧.૨૫ના રવિવારે સવારે ૧૦ થી ૧ દરમ્યાન યોજવામાં આવ્યો છે. રજીસ્ટ્રેશન માટે સંપર્ક : ૮૮૭૯૯ ૯૦૯૮૭.

## સખીવૃંદ-પુના



તા. ૧.૧૧.૨૫ના મીટીંગમાં મોહિનીબેન લોડાયાએ ‘Casino Games’ વિષય પર એમના નિવાસસ્થાને યોજી હતી. સોનલબેને સપ્ટેમ્બર મહિનાનો અહેવાલ રજુ કર્યો. કેસિનો થીમને અનુરૂપ મોહિનીબેને તેમના ઘરને અત્યંત સુંદર રીતે સજાવટ કરી હતી. આ સમગ્ર આયોજન માટે તેમણે તેમના પુત્ર ભુનેશ અને પુત્રવધુ ખુશ્બુનું સહકાર લીધો હતો.

ચાર ટીમો બનાવી રમતો રમવામાં આવી, બધી જ રમતોમાં સર્વે ટીમના સદસ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાના ગ્રુપ માટે વધુ સિક્કાઓ જીતવાનો પ્રયાસ કર્યો. અંતે સૌથી વધુ સિક્કાઓ મેળવી, વિજેતા બની ટીમ બ્લ્યુ. જેમાં મેમ્બર્સ હતા નીતાબેન, ભાવનાબેન, દીનલબેન અને કેપ્ટન કીર્તીબેન હતા. મ્યુઝીકલ રમત રમાડવામાં આવી હતી. જેમાં વૈશાલીબેન વિજેતા બન્યા. અંતમાં વૈશાલીબેને મોહિનીબેનનો આભાર વ્યક્ત કર્યો.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ-રાયપુર



આ વર્ષે પણ શ્રી કુંથનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હોલમાં તા. ૪.૧૧.૨૫ના શ્રી શત્રુંજય મહાતીર્થ ભાવયાત્રાનું આયોજન કરવામાં આવેલ.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ-રાયપુર



તા. ૪.૧૧.૨૦૨૫ના યુવા મંડળની સ્થાપનાને ૩૫ વર્ષ પૂર્ણ થયા તે બદલ શ્રી કુંથુનાથ જીનાલયમાં ૩૫ દિપક પ્રગટાવી આરતી અને મંગલ દિપક બાદ સર્વેને મિષ્ઠાન વિતરણ કરવામાં આવેલ.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ-રાયપુર







મહાજન દ્વારા દિપાવલી મિલન, વિદ્યાર્થી અભિનંદન સહ વિશિષ્ટ સન્માન સમારોહ રવિવાર તા. ૨.૧૧.૨૫ રાખવામાં આવેલ. મુખ્ય અતિથી રૂપે શ્રી ભૂપેશ ઉમરશી શાહ-જખૌ(ધમતરી), વિશિષ્ટ અતિથીરૂપે શ્રી યોગેશ પદમશી દંડ-મંજલ રેલડીયા (ભિલાઈ) સાથે મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, ઉપાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્ર ગોવિંદજી મોમાયા, સચિવ શ્રી કિશોર મેઘજી મોતા, સહસચિવ શ્રી હિતેશ શરદ મોમાયા, શ્રી કુંથુનાથ મહિલા

